**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૧ ટકા

# શ્રાધ્ધ પર્વમાં એક લાખ લીટર દૂધનો વપરાશ

## સામાન્ય દિવસો કરતાં શ્રાધ્ધ પક્ષમાં ૧૫ દિવસ દુધની માંગ સૌથી વધુ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૫

ભાદરવા વદ પડવાથી શ્રાધ્ધ પર્વની શરૂઆત થઈ હતી જેની સમાપ્તિ ભાદરવા વદ અમાસના રોજ થઈ છે. ત્યારે શ્રાધ્ધ પર્વમાં દૂધની બનાવટનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. જેમાં દુધપાક, પુરી, સુકી ભાજીને કાગવાસ માટે મુકવામાં આવે છે. આ ઉપરાંત ખીર, બાસુંદી, રસમલાઈનો વિશેષ ઉપયોગ થાય છે. ત્યારે આ વર્ષે શહેરમાં શ્રાધ્ધ પર્વ નિમિત્તે દૂધનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર જિલ્લા સહકારીદૂધ મંડળી લિ.ના ડેટા મુજબ આ વર્ષે ૧૨ લાખ લીટર જેટલું દુધ વપરાયું છે. દરરોજનું ચાલીસ હજાર લીટર દૂધ શહેરમાં ઉપયોગમાં લેવાતું હતું. જેના કારણે દૂધની ખરીદી કરતાં લોકો પણ દૂધ લીધા વિના પાછા વળતા હતા. આ વર્ષે દૂધની માંગમાં વધારો થયો હતો. ઘણી દુધની દુકાનોમાં દૂધની થેલીઓ ખુટી જવાના કારણે લોકોને દૂધની ખરીદી માટે હાલાકી પડી હતી. જો કે દર વર્ષ કરતાં આ વર્ષે દૂધની માંગ વધી છે. શ્રાધ્ધ પક્ષમાં દૂધને ચંદ્રની સાથે સરખાવવામાં આવે છે. પિતૃઓને તૃપ્ત કરવા દૂધપાક અને દૂધની બનાવટનો વિશેષ ઉપયોગ થાય છે. શ્રાધ્ધ પર્વમાં દૂધ ઉત્પાદન મંડળીઓમાંથી દૂધની ખરીદીમાં ભારે ઉછાળો નોંધાયો હતો. ત્યારબાદ આવતીકાલથી ફરીથી સામાન્ય દિવસોની જેમ જનતાને દૈનિક દુધ મળી રહેશે. જો કે દૂધના ભાવ પણ વધી જવાના કારણે જનતા દૂધની ખરીદીમાં વિચારતા થયા છે. પરંતુ શ્રાધ્ધ પર્વમાં પિતૃઓના તર્પણનું મહત્વ હોવાના કારણે શહેરીજનો આ મોંઘવારીમાં પણ દુધની ખરીદી કરીને શ્રાધ્ધ પર્વની ઉજવણી કરે છે. જેમાં આ વર્ષે વેપારીઓએ દુધની બનાવટમાં અઢળક દુધનો વપરાશ કર્યો હોવાના કારણે દુધની ડીમાન્ડ વધી હતી.



# ગાંધીનગરના ઈતિહાસમાં સર્વપ્રથમ વાર ભવ્ય ફરસી દીક્ષાનું આયોજન થયું



ગાંધીનગર,તા.૨૨

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા ગાંધીનગર દ્વારા શનિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સેક્ટર-૧૬ના રંગમંચ ખાતે ગાંધીનગરના ઈતિહાસમાં સર્વ પ્રથમ વાર ભવ્ય ફરસીદક્ષાનું આયોજન કરવામાં આવ્યુ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષાના ટ્રસ્ટી યજ્ઞેશભાઈ દવે કે જેમને ભારતીય જનતા પાર્ટી દ્વારા બહુચરાજી મંદિરના ટ્રસ્ટી તરીકેની નિમણૂક આપવામાં આવી, તે બદલ યજ્ઞેશભાઈ દવેનો સન્માન કરવામાં આવ્યુ આ ફરસી દીક્ષા કાર્યક્રમના મુખ્ય સમારોહ અધ્યક્ષ તરીકે ભરતભાઈ રાવલ (પ્રદેશ પ્રમુખ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ) દિપક પ્રાગટ્ય-ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટ, મુખ્ય સંગઠક( શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા), દિનેશભાઈ રાવલ - પ્રદેશ પ્રવક્તા માલવભાઈ પંડિત - યુવા અધ્યક્ષ જાનવીબેન વ્યાસ (ભાજપ મહિલા પાંખના પ્રદેશ મહામંત્રી અને વડોદરા પ્રભારી) વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં મનનભાઈ શાસ્ત્રી (એસ્ટ્રોલોજર એન્ડ કર્મકાંડ) દ્વારા ફરસી પૂજન કરાવ્યુ હતુ. આ કાર્યક્રમમાં દાતાશ્રી તરીકે કિરીટભાઈ રમણલાલ ઉપાધ્યાય કોલવડા (ફરશી દાતા), નાજાભાઈ ધાધર (ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ), અને બ્રિજરાજસિંહ ગંભીરસિંહ ગોહિલ (ભાજપ યુવાને નેતા - ફરસી દાતા) આ કાર્યક્રમમાં બ્રહ્મ ભોજન રાખવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમનું ભવ્ય આયોજન ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી (એડવોકેટ મુખ્ય સંગઠક) અને સુનિલભાઈ ત્રિવેદી પ્રમુખશ્રી (શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા ગાંધીનગર શહેર અને જિલ્લા) અને જીગ્નેશભાઈ રાવલ યુવા પ્રમુખ (શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા ગાંધીનગર)ના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરના સર્વે હોદ્દેદારોના અથાગ પ્રયત્નો દ્વારા આ ફરસી દીક્ષાના સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ગાંધીનગરના બ્રાહ્મણ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તથા નગરના સામાજીક અને રાજકીય આગેવાનો, કાર્યકરો, અને વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા આગેવાનો અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.“આ કાર્યક્રમમાં ૨૦૦ થી વધારે ભૂદેવો ફરસી દીક્ષા આપવામાં આવી હતી.

# નિર્મોહી આશ્રમ દ્વારા ગરીબ પરિવારોને ખીર-પૂરીનું ભરપેટ ભોજન પિરસાયું



ગાંધીનગર, તા.૨૫

નિર્મોહી આશ્રમ દ્વારા છેલ્લા છ વર્ષ થી ચાલતી ખીચડી સેવામાં રવિવારે સેવા વસ્તીમાં ગરીબ પરિવારોને ખીર-પૂરીનું ભરપેટ જમણ આપવામાં આવ્યું હતું. ગરીબ પરિવાર માટે જ્યારે ભોજન જ મુશ્કેલ હોય ત્યારે ખીર-પુરી વિચારી પણ કેમ શકાય? ત્યારે જાણીતા એડવોકેટ ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી તથા પત્રકાર મુકેશ પંડ્યા અને અન્ય સેવાભાવી સજ્જનો દ્વારા છેલ્લા છ વર્ષથી ચાલી આવતી "ભૂખ્યાને ભોજન" અવિરત સેવા પરમ આદરણીય સંત શીરોમણી મોહનદાસ બાપુના આશિર્વાદથી આપવામાં આવે છે.

# ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ




ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (મધુર ડેરી)ની બાવનમી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મનકી બાત કાર્યક્રમ સૌ હાજર રહેલા દૂધ મંડળીના ચેરમેનઓએ સાંભળ્યો હતો. આ સભામાં અધ્યક્ષ માટે સંઘના ચેરમેન એ રણાસણ દૂધ મંડળીના ચેરમેન જીવણભાઈ દેસાઈની વરણી કરવામાં આવી હતી. જે વરણીને રાંધેજા દૂધ મંડળીના ચેરમેન જશુજી પરમારે ટેકો જાહેર કર્યો હતો. નિયામક મંડળ દ્વારા લેવાયેલા તમામ એજન્ડાઓને ધ્યાનમાં લઈ પસાર કરવામાં આવ્યા હતા. વર્તમાન આધુનિક ટેકનોલોજીના પરિવર્તનોને સ્વીકાર કરીને નવી ક્ષિતિજોને આંબવાની હાકલ સાથે તમામ મંડળીઓના ચેરમેનની મંજુરીથી કાર્યોના ચિતારને બહાલી આપવામાં આવી હતી. આ સભાનું સંચાલન જનરલ મેનેજર હંસાબેન પટેલે કર્યું હતું.

# શહેરમાં યોજાયો રસપ્રદ વાર્તા રે વાર્તા કાર્યક્રમ





ગાંધીનગર, તા.૨૫

આજના સમયમાં બાળકો વાર્તાઓ વાંચે કે સાંભળે એ ખૂબ અગત્યનું બની ગયું છે. ટીવી અને સ્માર્ટ ફોનના અતિરેક અને કાર્ટૂન ચેનલની ભરમાર વચ્ચે બાળકો પુસ્તક હાથમાં લઈને બેસે અને વાંચે એવા ઉદાત્ત ભાવ સાથે બી ફોર બુક્સ લાઈબ્રેરીના સંચાલિકા ઝંકાર પટેલ દ્વારા 'વાર્તા રે વાર્તા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

'વાર્તા રે વાર્તા' કાર્યક્રમમાં ભૂલકાઓ અને એમના માતાપિતાને વાર્તાઓ સંભળાવવા ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતને આમંત્રિત કરવામાં આવ્યા હતા. લાઈબ્રેરીની સભ્ય ધીમહી દ્વારા એમનો પરિચય આપવામાં આવ્યો હતો. સંજય થોરાતે પોતાના ચિત્રના ઉદાહરણ અને એમના એન્જિનિયરિંગ ડ્રોઈંગ કોલેજમાં હજુ પણ લાઈબ્રેરીમાં જોવા મળે છે, એવા ઉદાહરણ સાથે વાર્તાલાપ શરૂ કર્યો હતો.

બી ફોર બુક્સ લાઈબ્રેરીમાં ગુજરાતી અંગ્રેજી મળી પાંચ હજારથી વધુ પુસ્તકો બાળકો માટે હાજર છે અને મોબાઈલ એપ દ્વારા પુસ્તકની આપલે થાય છે. આ કાર્યક્રમમાં જાણીતા બાળ લેખિકા રેખા ભટ્ટ હાજર રહ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન બી ફોર બુક્સ લાઈબ્રેરી સ્ટાફ અને ઝંકાર પટેલ સાથે શશિન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ આખો કાર્યક્રમ બાળકો અને એમના પેરેન્ટ્સ માટે યાદગાર બની રહ્યો હતો અને ફરીથી વાર્તા રે વાર્તા કાર્યક્રમનું આયોજન થાય એવી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.

# લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા સેવાકાર્ય



લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા પરમનન્ટ પ્રોજેક્ટ અંતર્ગત જય અંબે મંદ બુદ્ધિ મહિલા સંસ્થા બાયડ ખાતે ૨૫ પલંગ તથા તિથિ ભોજન આપવામાં આવ્યુ હતું. ડિસ્ટ્રીક્ટ ગવર્નર રસિકભાઈ પટેલ, પ્રોટોકોલ ઓફિસર જે બી રાવ સાહેબ, ડોક્ટર પ્રકાશભાઈ શાહ ડિસ્ટ્રિક્ટ ચેરમેન ફિઝિકલી ચેલેન્જ ,લાયન કે પી પ્રજાપતિ ડિસ્ટ્રીક્ટ ડાયરેક્ટર ફિઝિકલી ચેલેન્જ (રિજિયન ૮), અતુલભાઈ જોશી વૈશાલીબેન કમલેશભાઈ, મમતાબેન રાવલ, ડિસ્ટ્રીક્ટના હોદ્દેદારો તેમજ લાયન્સ પ્રમુખ ડિમ્પલ દેસાઈ લીયો પ્રમુખ આર્જવ જોશી સેક્રેટરી જાગૃતિબેન વ્યાસ દ્વિતિય ઉપપ્રમુખ દક્ષાબેન તથા કલબના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બાયડ કલબના પ્રમુખ તથા સભ્યો પણ ખાસ હાજર રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ઉન્નતિ કેયુર પટેલ



નીતા રાણા
લાયોનેસ કલબ



સ્વરા જિજ્ઞેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



તીર્થ પંડ્યા
ડાયરેક્ટ, લીંક ઈમ્રીગેશન વર્લ્ડ




અભિકુમાર વિનોદભાઈ દત્ત
મો. ૯૭૩૭૨ ૬૫૩૯૯



વીર આહીર
મો. ૮૧૪૦૧ ૬૬૯૬૫

# આજથી ઓક્ટોબર સુધી વ્રત-તહેવારની ભરમાર

## ઓક્ટોબરમાં નવરાત્રિ, દશેરા, દિવાળી, ધનતેરસ, ભાઈબીજ, ગોવર્ધન પૂજા, છઠ પૂજા, કરવા ચોથ, શરદપૂર્ણિમા જેવા અનેક વ્રત-તહેવારો આવે છે



ગાંધીનગર, તા. ૨૫

તારીખ ૨૫મી સપ્ટેમ્બરના પિતૃપક્ષનું સમાપન થયું છે. આ સાથે જ વ્રત અને તહેવારની ભરમાર લાગવાની છે. ઓક્ટોબર મહિનામાં મોટા તહેવારો આવશે. મહાલયાથી દુર્ગા પૂજાની તૈયારીઓ શરૂ થશે. તો ૨૬મી સપ્ટેમ્બરના કળશ સ્થાપનાની સાથે શારદીપ નવરાત્રિનો પ્રારંભ કરવામાં આવશે. ઓક્ટોબરમાં દશેરા, દિવાળી, ધનતેરસ, ભાઈબીજ, ગોવર્ધન પૂજા, છઠ પૂજા, કરવા ચોથ, શરદપૂર્ણિમા જેવા મોટા મહત્વપૂર્ણ તહેવાર આવે છે.

૨૬મી સપ્ટેમ્બર : સોમવાર, શારદીપ, નવરાત્રીનો પ્રારંભ, ઘટસ્થાપન, મા શૈલપુત્રી પૂજા, મહારાજા અગ્રસેન જયંતિ, ૩ ઓક્ટોબર : સોમવાર, દુર્ગાઅષ્ટમી, કન્યા પૂજન, હવન, ૪ ઓક્ટોબર : મંગળવાર, મહાનવમી, નવરાત્રી, પાયણા, ૫ ઓક્ટોબર : બુધવાર, વિજયાદશમી, દુર્ગામૂર્તિ વિસર્જન, દશેરા, રાવણના પૂતળાનું દહન, દેવી અપરાજિતાની પૂજા, ૯ ઓક્ટોબર : રવિવાર, શરદપૂર્ણિમા, કોજગર પૂર્ણિમા વ્રત, અશ્વિન પૂર્ણિમા, ૧૩ ઓક્ટોબર : ગુરૂવાર, કરવાચોથ, ૧૭ ઓક્ટોબર : સોમવાર, આહોઈ અષ્ટમી વ્રત, ૨૩ ઓક્ટોબર : રવિવાર, ધનતેરસ, માસિક શિવરાત્રી, ૨૪ ઓક્ટોબર : સોમવાર, દિવાળી, લક્ષ્મીપૂજા, નરક વતુર્દશી, ૨૬ ઓક્ટોબર : બુધવાર, ગોવર્ધનપૂજા, ભાઈબીજ, ૩૦ ઓક્ટોબર : રવિવાર, છઠ્ઠ પૂજા

આ વર્ષે ઓક્ટોબરમાં મંદિરોમાં ભક્તોની ભીડ અને બજારમાં ગ્રાહકોની રોનક જોવા મળશે.



-દશેરા અને દિવાળીમાં લગભગ ૨૦ દિવસનો તફાવત છે. આ કારણે ઘણી વખત આ તહેવારો જુદા જુદા મહિનામાં આવે છે, પરંતુ આ વખતે દશેરા અને દિવાળી ઓક્ટોબરમાં જ એક સાથે છે. એટલું જ નહિ છઠ પૂજા પણ ઓક્ટોબરના અંતિમ દિવસોમાં છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ઠાકોર મધુબેન ધારસિંજી ઉ.વ.૮૬, રાજપુર, માણસા
- સ્વ.ઠાકોર મોહનજી ધુળાજી ઉ.વ.૭૨, વાવોલ
- સ્વ.દરજી સુરેશભાઈ મગનલાલ ઉ.વ.૬૦, ડભોડા
- સ્વ.દંતાણી પ્રભાભાઈ શકરાભાઈ ઉ.વ.૬૯, સેક્ટર-૨/ડી છાપરા
- સ્વ.મકવાણા યોગેશકુમાર કાન્તીલાલ ઉ.વ.૫૫, સેક્ટર-૨૧
- સ્વ.ઠાકોર પરમાબેન ગાંડાજી ઉ.વ.૭૧, બાસ્પા, સમી

● રૂદ્રભૂમિ ●

- સ્વ.પ્રજાપતિ કાલીદાસ સોંધાભાઈ ઉ.વ.૮૬, સરગાસણ